# આજે હરિયાળી ત્રીજ : વરિયાન અને રવિયોગ રહેશે

## હરિયાળી ત્રીજ સૌંદર્ય અને પ્રેમનો પર્વ ભગવાન શિવ-પાર્વતીના મિલન તરીકે ઉજવાય છે : ચારેય બાજુ હરિયાળી હોવાના કારણે તેને હરિયાળી ત્રીજ કહે છે

ગાંધીનગર, તા. ૩૦
તારીખ ૩૧ જુલાઈ રવિવારના રોજ હરિયાળી ત્રીજ છે. આ દિવસે વરીયાન અને રવિયોગ હોવાથી વ્રત-પૂજાનું શુભ ફળ વધી જશે. શ્રાવણના સુદ પક્ષની ત્રીજ તિથિ હોવાથી તેને શ્રાવણી ત્રીજ કહેવામાં આવે છે. આ તિથિની સ્વામી ગૌરી એટલે દેવી પાર્વતી છે. આ કારણે પરિણીત મહિલાઓ અને કુંવારી કન્યાઓ માટે આ તહેવાર ખૂબ જ ખાસ હોય છે. આ દિવસે સોળ શ્રૃંગાર કરીને ભગવાન શિવ-પાર્વતીની ખાસ પૂજા કરવામાં આવે છે. સાથે જ નિર્જળા એટલે પાણી પીધા વિના વ્રત રાખવામાં આવે છે અને બીજા દિવસે વ્રત ખોલવામાં આવે છે.

આ દિવસે સૂર્યોદય પહેલાં જાગીને વ્રત અને પૂજાનો સંકલ્પ લેવામાં આવશે. તે પછી મહેંદી અને હીંચકામાં બેસીને ઝૂલવાની પરંપરા પણ આ દિવસે પૂર્ણ કરવામાં આવશે. તે પછી આખો દિવસ વ્રત-ઉપવાસ રાખ્યા પછી સાંજે પ્રદોષ કાળમાં ભગવાન શિવ-પાર્વતીની ખાસ પૂજા કરવામાં આવશે.

### હીંચકામાં બેસીને ઝૂલવાની પરંપરા

હરિયાળી ત્રીજના દિવસે પરિણિતાઓ લીલા રંગને મહત્વ આપે છે. આ પ્રકૃતિની સમૃદ્ધિ અને સમૃદ્ધ જીવનનો પ્રતીક રંગ છે. તેઓ લીલા રંગની બંગડી અને લીલા રંગના કપડા પહેરે છે. આ દરમિયાન મહિલાઓ સોળ શ્રૃંગાર કરી હાથમાં મહેંદી લગાવે છે. નવી પરણેલી મહિલાઓ આ પર્વ પોતાના પિયરમાં ઉજવે છે અને લગ્નજીવનમાં સુખ-શાંતિની મંગળ કામના કરે છે. હરિયાળી ત્રીજના અવસરે ખાસ કરીને પૂજા-પાઠ પછી મહિલાઓ હીંચકામાં બેસે છે. આ દરમિયાન શ્રાવણના ગીત પણ ગાવામાં આવે છે.

### પૌરાણિક માન્યતા : પાર્વતીજીએ તપસ્યા કરી હતી

પૌરાણિક માન્યતા પ્રમાણે માતા પાર્વતીએ ભગવાન શિવને મેળવવા માટે કઠોર તપસ્યા કરી હતી. પાર્વતીનું કઠોર તપ જોઈને ભોળાનાથ પ્રસન્ન થયા. કહેવાય છે કે હરિયાળી ત્રીજના દિવસે જ શિવજીએ માતા પાર્વતીને પત્ની સ્વરૂપમાં સ્વીકાર કર્યો હતો. એટલે આ કારણે જ આ વ્રત કરવાથી પરિણિત મહિલાઓને અખંડ સૌભાગ્યવતી હોવાનો આશીર્વાદ મળે છે.

### શ્રીકૃષ્ણ અને રાધાજીનો શ્રૃંગાર

આ પર્વમાં ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજીનો શ્રૃંગાર કરવાની પરંપરા છે. ભગવાનને શ્રાવણ પ્રમાણે લીલા કપડાં પહેરાવવામાં આવે છે. તુલસીની માળા અને ચંદનથી શ્રૃંગાર કરવામાં આવે છે. રાધાજીને શ્રૃંગારનો સામાન ચઢાવવામાં આવે છે. દેવી-દેવતાને ફૂલોથી બનાવેલો ઝૂલો પણ ઝૂલાવવામાં આવે છે.



# શ્રાવણના દર સોમવારે ફ્રી નિદાન મેડીકલ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦
પવિત્ર એવા શ્રાવણ માસની શરૂઆત તા. ૨૯-૭-૨૨ના રોજ થઈ ચૂકી છે, ત્યારે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (મધુર ડેરી)એ પોતાની રીત-રસમ અને રિવાજ મુજબ સતત પશુપાલકો, ગ્રાહકો અને સભાસદોની ચિંતા કરતી હોય છે. એના ભાગરૂપે શ્રાવણ મહિનાના દરેક સોમવારે ગાંધીનગર જિલ્લાના જુદા જુદા ગામડાઓમાં ‘ફ્રી નિદાન મેડીકલ કેમ્પ’નું આયોજન કરવામાં આવેલ છે. પ્રથમ સોમવારે તા. ૧-૮-૨૨ના રોજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામે, જ્યાં હનુમાનજી અને ભોળાનાથ બિરાજમાન છે, એવા વાસન ગામની નજીક પ્રથમ ‘ફ્રી મેડીકલ કેમ્પ’ સરકારના દવાખાનાઓ સાથે રાખી ત્યાંથી ડૉક્ટર ટીમ અને મધુરની ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આજ રીતે એ પછીના દરેક સોમવારોમાં આદરજ, રૂપાલ, છાલા જેવા વિગેરે ગામડાઓમાં આવા ફ્રી નિદાન મેડીકલ કેમ્પ રાખવામાં આવ્યાં છે. જેનો લાભ લેવા માટે ચેરમેન દ્વારા જણાવવામાં આવ્યું હતું. સાથે સાથે ગામડાઓમાં દૂધ સંઘના સુપરવાઈઝરો અને ડૉક્ટરો દ્વારા પશુધનમાં આવેલો લમ્પી વાયરસ નામનો રોગ વધારે પ્રસરે નહિ અને આપણા મહામૂલા પશુધનને અસર ન થાય તે માટેના સેમિનારો અને વર્કશોપ તો અત્યારે ચાલુ છે. જેમાં આપ સૌ જાગૃત બની, જે કોઈ ગામડાઓમાં આ રોગના લક્ષણો દેખાય એ લોકોએ તાત્કાલિક મધુર ડેરીના વેટરનરી વિભાગમાં જાણ કરવાની રહેશે તેવું જણાવવામાં આવ્યું હતું.




ડૉ. આંબેડકર એક્સલન્સ સેન્ટર ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલય ખાતે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે યુપીએસસી અને જીપીએસસીની પરીક્ષાના કોચિંગ ક્લાસ શરૂ કરાયા છે. કેન્દ્ર સહાયિત યોજનાના ભાગરૂપે વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ નિઃશુલ્ક મળી રહેશે.

### મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં પી.એમ. સ્વનિધિ ઉત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૦
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાનો વ્યાપાર ધંધો કરતા સ્ટ્રીટ વેન્ડર્સને પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત નાણાકીય સહાય દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગરીબ કલ્યાણ અભિગમને રાજ્ય સરકાર ૧૦૦ ટકા સાકાર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રિય નાણા રાજ્ય મંત્રી ડૉ. ભાગવત કરાડ, નવસારીના સાંસદ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે પી.એમ. સ્વનિધિ ઉત્સવ અન્વયે ૨૬ શેરી ફેરિયાઓને કુલ ૬ લાખ ૧૦ હજારની લોન-ધિરાણના ચેક વિતરણ કર્યા હતાં. તેમણે આ યોજનામાં સક્રિય યોગદાન આપનારી વિવિધ બેંકના અધિકારીઓને સન્માનિત કર્યા હતાં. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી મહેન્દ્ર મુંજપરા, રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ અને ધારાસભ્યો તથા પદાધિકારીઓ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, મહાનગરોના મેયરશ્રીઓ સહિત અગ્રણીઓ આ અવસરના સાક્ષી બન્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પી.એમ. સ્વનિધિ ઉત્સવમાં કહ્યું કે, ગુજરાતમાં નાનો ધંધો-વ્યવસાય કરતા ૨ લાખ ૩૫ હજાર શેરીફેરિયાઓને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અન્વયે રૂપિયા ૨૬૩ કરોડની સહાય આપવામાં આવી છે.

# આદિવાસી વિદ્યાર્થીઓ માટે યોજાઇ પ્રકૃતિ શિક્ષણ શિબિર

## ગુજકોસ્ટ દ્વારા સાયન્સ સિટી ખાતે યોજાયેલી શિબિરમાં ૧૬ આદિવાસી શાળાઓના કુલ ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો



ગાંધીનગર, તા.૩૦
ગુજકોસ્ટ દ્વારા વિજ્ઞાન પ્રસારના સહયોગથી ગુજરાત સાયન્સ સિટી ખાતે તાજેતરમાં તા.૨૭થી ૩૦ જુલાઈ દરમિયાન ગુજરાતની આદિવાસી શાળાઓના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર પર ચાર દિવસીય નિવાસી વર્કશોપનું આયોજન કર્યું હતું.

આ વર્કશોપમાં ઈન્ટરેક્ટિવ સેશન્સ, હેન્ડ-ઓન ??ડેમોસ્ટ્રેશન, સ્ટેમ લર્નિંગ, રોબોટિક્સ, હાઈડ્રોપોનિક્સ, પ્રોજેક્ટ વર્ક અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ પર જાગરૂકતા સત્રો તેમજ એક્વેટિક ગેલેરી, રોબોટિક પાર્ક તેમજ પાટણમાં પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર તથા રાણકી વાવની મુલાકાત અને રણમાં ચાલવાનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં સુરત, દાહોદ, છોટાઉદેપુર, સાબરકાંઠા, ગાંધીનગર, તાપી, વલસાડ અને રાજપીપળા જિલ્લાની ૧૬ આદિવાસી શાળાઓના કુલ ૮૦ વિદ્યાર્થીઓ અને ૨૦ શિક્ષકોએ હાજરી આપી હતી.

પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં આવેલાં ઘણા વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટીની મુલાકાત તેમના જીવનમાં પ્રથમ વખત હતી અને તેઓ સાયન્સ સિટીમાં પાણીની નીચે જીવન અને મશીન સાથે જીવન જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિજ્ઞાન પ્રસારના નિયામક ડૉ. નકુલ પરાશરે ચાર દિવસીય વર્કશોપની શરૂઆત ઈન્ટરેક્ટિવ સેશન સાથે કરી હતી જેમાં તેમણે વિદ્યાર્થીઓને પ્રકૃતિની મુલાકાત દરમિયાન તેમના નિરીક્ષણમાં તેજ અને તેમના રિપોર્ટિંગમાં ઝડપી બનવા અનુરોધ કર્યો હતો. અન્ય સત્રો અને પ્રવૃત્તિ નિદર્શન વિજ્ઞાન પ્રસારના વિજ્ઞાની ડૉ.બી.કે. ત્યાગી, જાવેદ આલમ, યુનિસેફ-ઈન્ડિયાના ન્યુટ્રિશન કન્સલ્ટન્ટ ડૉ. સૌમ્યા દવે, આઈપીઆરના નિષ્ણાત પશ્મિન બુચ, ગુજકોસ્ટ તરફથી ડૉ. નરોત્તમ સાહૂ, ડૉ. પૂનમ ભાર્ગવ, ડૉ. સુમિત શાસ્ત્રી અને ભૂમિ શાહ વગેરે દ્વારા કરવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામને ઈન્ટરનેશનલ યર ઓફ બેઝિક સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, યુનેસ્કો દ્વારા માન્યતા આપવામાં આવી હતી અને તેને આઈવાયબીએસએસડી-૨૦૨૨ ઈવેન્ટની પણ માન્યતા મળી છે. આ કાર્યક્રમ સહભાગીઓ માટે રોબો-કેફેમાં આઈસ્ક્રીમ, શાર્ક સાથે સેલ્ફી, ડાયનાસોર સાથેનો એક દિવસ અને અન્ય ઘણા બધા સાથે શીખવાનો આનંદદાયક અનુભવ હતો જે તેમના આગળના શિક્ષણ માટે પ્રેરણારૂપ હતો.

### ધોળાકુવા ખાતે પાર્થેશ્વર મહાદેવના માટીના વિવિધ શિવલિંગ



દેવાધિદેવ મહાદેવના આરાધના પર્વ સમા પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થઈ ચૂક્યો છે. ગાંધીનગરના ધોળાકુવા ગામ મધ્યે ચંચળમાતાના મંદિરે શ્રાવણ માસ નિમિત્તે વિશ્વના કલ્યાણ માટે પાર્થેશ્વર મહાદેવ શિવલિંગ બનાવીને તેના પૂજન - અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે.

# આદિવાસી યુવાનોને યુપીએસસીની પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ મળશે

ગાંધીનગર, તા.૩૦
ગાંધીનગર ખાતે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતે આદિવાસી યુવાનોને યુપીએસસીની પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ આપવા ડૉ. બાબા સાહેબ આંબેડકર સેન્ટ્રલ ફોર એક્સલેન્સનો પ્રારંભ થઈ રહ્યો છે. આવતીકાલે તા. ૩૧ જુલાઈના રોજ આ કેન્દ્રમાં પસંદગી પામવા માટે અનુસૂચિત જાતિના ૧૨૮૦ જેટલા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે જેમાંથી કુલ ૧૦૦ ઉમેદવારોને ઉતીર્ણ કરીને યુપીએસસીની પરીક્ષા માટે એક વર્ષ સુધી નિઃશુલ્ક તાલીમ આપવામાં આવશે. સમગ્ર ભારતમાંથી કુલ ૩૩ સ્થળો ઉપર ડૉ. આંબેડકર સેન્ટર ઓફ એક્સલન્સ ફાળવવામાં આવેલા છે જે પૈકી સંપૂર્ણ ગુજરાતમાંથી ગાંધીનગર ખાતે આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતને આ કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. આ કેન્દ્ર મારફતે અનુસૂચિત જાતિના યુવાનોને આઈએએસ સહિત અગ્રીમ કક્ષાની સરકારી નોકરી માટેની પરીક્ષાની તૈયારીઓ કરાવવામાં આવશે. ગુજરાતમાંથી આ સેન્ટરમાં તાલીમ લેવા માટે ૧૨૮૦ ઉમેદવારી પત્ર ભરાયા છે. આ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૩૧ જુલાઈના રોજ લેવામાં આવશે. લેખિત પરીક્ષામાં અગ્રતા ક્રમે આવેલા કુલ ૧૦૦ પરીક્ષાર્થીઓને તાલીમ આપવામાં આવશે. આઈએએસ ની પરીક્ષા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સંપૂર્ણ નિઃશુલ્ક તાલીમ આપવામાં આવનાર હોવાનું જણાવતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમારે ઉમેર્યું હતું કે આ ૧૦૦ વિદ્યાર્થીઓમાંથી મહિલાઓ માટે ૩૩ ટકા અનામત રાખવામાં આવશે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે યુ.પી.એસ.સી.ની તાલીમ નો વિદ્યાર્થીઓ સારી રીતે લાભ લઈને આગામી સમયમાં ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી મારફતે સમગ્ર દેશમાં રાજ્યનું નામ રોશન કરશે એવી આશા પણ વ્યક્ત કરી હતી. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના પ્રોફેસર રમાશંકર આગામી દિવસોમાં યોજાનારા તાલીમ વર્ગો વિશે પત્રકારોને માહિતગાર કર્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજનને આખરી ઓપ આપનારા આ પ્રોજેક્ટના કો ઓરડીનેટર પ્રોફેસર રાજેશ મકવાણાએ આ પરીક્ષા અને આગામી આયોજન માટે વિસ્તૃત વિગતો પૂરી પાડી હતી.

### સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિશ્વ વાઘ દિવસની ઉજવણી




ગાંધીનગર, તા.૩૦
સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના ઈકો ક્લબના વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ વાઘ દિવસ નિમિત્તે વૈશ્વિક સ્તરે વાઘની ઘટતી સંખ્યા વિષે જાગરૂકતા લાવવાનો હેતુ દર્શાવતા ચિત્ર બનાવી ઉજવણી કરવામાં આવી હતી.

# અડધી રાત્રે સાપને પકડી એક "વેપારીનું રેસ્ક્યુ" કરતા સેવાભાવી યુવાનો

ગાંધીનગર, તા. ૩૦
ગાંધીનગરના જાણીતા સ્નેક રેસ્કયુર્સ અમિત ગોંડ તથા બીજા સાથે મિત્રોએ મળીને ગઈકાલે રાત્રે એક સાપને પકડી વેપારીનો જીવ બચાવ્યો હતો. ગુરુવારે મોડી રાત્રિએ બોરીજના એક કરિયાણાના વેપારીને દુકાનમાંથી કરડેલા અત્યંત ઝેરી સાપના ઝેરની અસરથી બચાવવા આ યુવાનો સાપને પકડીને સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતા અને સાપની ઓળખ બાદ તબીબે દર્દીને યોગ્ય એન્ટીવેનમ આપતાં વેપારીનો જીવ બચ્યો હતો. આ પછી યુવાનોએ મોડી રાત્રે સાપને સહીસલામત રીતે જંગલમાં છોડી દીધો હતો. ગાંધીનગરના બોરીજ ખાતે રાત્રે આશરે ૧૧ વાગે કાંતિભાઈ મેઘવાલ નામના ૩૩ વર્ષીય વેપારીને તેમની કરિયાણાની દુકાનમાં કોઈ ગ્રાહક માટે ઘોડામાં રહેલી વસ્તુ લેવા જતાં ત્યાં દિવાલની ફાંટમાં ભરાયેલ સાપ કરડી ગયો હતો જેથી તુરંત તે વેપારીને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. જોકે સાપની ઓળખ ન થતા તેને એન્ટિવેનમ ચઢાવવું શક્ય ન હતું માટે ડોક્ટરે એ સાપનો ફોટો લાવવા કહ્યું જેને અનુલક્ષીને વેપારીના સગાંસંબંધીઓએ સ્નેક રેસ્કયુઅર અમિત ગોંડ જેઓ બોરીજમાં જ રહે છે તેમનો ફોન કરીને સંપર્ક સાધ્યો હતો. કોલ મળતાં જ સ્નેક રેસ્ક્યુર અમિત ગોંડ અને તેમના મિત્રો કરિયાણાની દુકાને પંહોચી ગયાં હતા પરંતુ દુકાનમાં ભરચક સામાન વચ્ચે દિવાલની ફાંટમાં સંતાયેલા સાપને શોધવામાં અને પકડવામાં રાત્રીનો ૧ વાગી ગયો હતો. જોકે આ યુવાનોએ ભારે જહેમત કરીને દુકાનમાંથી સાપ જ પકડીને સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા તે સાપ બીજો કોઈ નહિ પણ સૌથી ઝેરી કાળોતરો હતો. ડોક્ટરે તે સાપ જોઈને કાંતિભાઈને એન્ટિવેનમ ચાલુ કરી દીધું હતું જેના ફળ સ્વરૂપે તેમનો જીવ બચી જવા પામ્યો હતો અને શુક્રવારે સાંજે તો તેમને રજા આપી દેવામાં આવી હતી. સાપને યુવાનો દ્વારા રાત્રે જ સહીસલામત રીતે જંગલમાં મુક્ત કરી દેવામાં આવ્યો હતો. સ્નેક રેસ્ક્યુ કરતા યુવાન મિત્રોએ માત્ર સાપ જ નહીં વેપારીનો પણ જીવ બચાવ્યો હતો.

**ગુરુવારે મોડી રાત્રિએ બોરીજમાં એક વેપારીને દુકાનમાંથી કાળોતરો કરડ્યો : ઝેરની અસરથી બચાવવા તબીબે સાપનો ફોટો માંગ્યો તો સ્નેક રેસ્ક્યુઅર યુવાનો સાપને જ લઇને પંહોચી ગયા**